**Lang. Code : 06**

# AAT-20-II

**प्रश्न-पत्र II/ PAPER II**

**गुजराती भाषा परिशिष्ट**

**Gujarati Language Supplement**

**भाग IV & V / PART IV & V**

**परीक्षा पुस्तिका संकेत**
**Test Booklet Code**

**M**

**परीक्षा पुस्तिका संख्या**
**Test Booklet No.**

इस पुस्तिका में **20** पृष्ठ हैं ।
This booklet contains **20** pages.

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए ।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए निर्देशों को ध्यान से पढ़ें ।**
**Read carefully the Instructions on the Back Cover (Page 19 & 20) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें । / For instructions in Gujarati see Page 2 of this Booklet.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो या तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं** ।
2. परीक्षार्थी भाग I एवं भाग II **या** III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से ।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं । भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं ।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें ।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **M**। यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ**-2 एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है । अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा I - (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा II - (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं । इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं । **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए । जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए ।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो ।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें ।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें । अपने उत्तर ध्यानपूर्वक अंकित करें । उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है ।

## *INSTRUCTIONS FOR CANDIDATES*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Part I and Part II **OR** III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page / marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **M**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language I - (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language II - (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part -V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capitals) :
अनुक्रमांक : (अंकों में) ____________________
Roll Number : in figures
: (शब्दों में) ____________________
: in words
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capitals) :
परीक्षार्थी के हस्ताक्षर : ____________________ निरीक्षक के हस्ताक्षर : ____________________
Candidate's Signature : Invigilator's Signature :
Facsimile signature stamp of
Centre Superintendent ____________________

M

**Lang. Code : 06**

# AAT-20-II

પરીક્ષા પુસ્તિકા સંકેત

**M**

આ પુસ્તિકામાં 20 પાનાં છે.

પેપર II

ગુજરાતી ભાષા પરિશિષ્ટ

ભાગ IV & V

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

*પરીક્ષાર્થીઓ માટે દિશાનિર્દેશ* :

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I અને ભાગ II **અથવા** III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઈંટ પેન**નો જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે **M.** આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ 60 વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :
   ભાગ IV : ભાષા-I (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ V : ભાષા-II (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ IV માં ભાષા I માટે 30 પ્રશ્ન અને ભાગ V માં ભાષા II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ V (ભાષા II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ______________________

અનુક્રમાંક : અંકોમાં ______________________

: શબ્દોમાં ______________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ______________________

પરીક્ષાર્થી દસ્તખત : ______________ નિરીક્ષક દસ્તખત : ______________

Facsimile signature stamp of
Centre Superintendent ______________________

**ભાગ-IV (પ્ર. 91 થી 120)** ફક્ત **ગુજરાતી** ભાષા-**I**નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted Gujarati as **Language-I** only.

# ભાગ – IV
## ભાષા – I
## ગુજરાતી

| સૂચના : ભાગ – IV (પ્ર. 91 થી 120) ફક્ત ગુજરાતી ભાષા – Iનો વિકલ્પ પસંદ કરનારે જ લખવા. |
|---|

**નીચેનો ફકરો વાંચી એમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો : (91 થી 99)**

શિક્ષણ અથવા કેળવણી એ દરેક યુગની જરૂરિયાત છે, એ નિ:સંદેહ છે, પરંતુ કોઈપણ યુગમાં જીવનમાં સુખશાંતિ અને સફળતા માટે ચારિત્ર્ય એ પાયાનું પરિબળ છે. શિક્ષણનો અને માનવજીવનનો મુખ્ય હેતુ શ્રેષ્ઠતમ ચારિત્ર્યનિર્માણ છે. માનવને શ્રેષ્ઠતમ ચારિત્ર્યમૂર્તિમાં પરિવર્તન કરતી પ્રક્રિયા જ શિક્ષણ છે જ્યાં સુધી આપણે પોતે જ આપણા ચારિત્ર્યને ઉન્નત ન બનાવી શકીએ ત્યાં સુધી આપણે આપણા બાળકોને ચારિત્ર્ય કે એવું કશું આપી શકીએ નહિ. ચારિત્ર્યનિર્માણ જ બાળકના જીવનઘડતરનો મુખ્ય પાયો છે, આધારશિલા છે. પરિવાર, સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્રનાં મૂલ્યોનું બાળકમાં ઘડતર કરવું અતિ આવશ્યક છે. બાળક વિશ્વમાનવ બનીને જીવે છતાં પણ તેના જીવનમાં મૂળ તો પોતાના સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્ર સાથે સતત સંકળાયેલાં જ રહેવાં જોઈએ. આનાથી જ બાલઉછેરના ગણેશ મંડાવા જોઈએ.

મહેનત અને પ્રામાણિકતા આ બે બાબતો બાળકને જીવનનું વિજ્ઞાન સમજવામાં ખૂબ જ મદદરૂપ થાય છે અને એ થકી બાળકનાં જીવનઘડતરમાં નોંધપાત્ર ફાળો આપે છે. બાળકના જીવનઘડતરમાં ઉપયોગી એવાં મુખ્ય બે પરિબળો (ઉમદા ચારિત્ર્યનિર્માણ તથા શ્રેષ્ઠતમ નીતિમૂલ્યોનું શિક્ષણ) પછી પણ ઘણી એવી ઉપયોગી બાબતો છે જે બાળકના જીવનઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવે છે. બુદ્ધિ આગળ બળ પાણી ભરે એ વાત પણ બાળકોને સમજાવવી જોઈએ.

બાળકના જીવનઘડતરમાં ઉપયોગી તેવી બીજી બાબત તેનામાં ઉત્તમ સર્જનશક્તિનું નિર્માણ કરવું તે છે. પોતાના બાળકની આ સર્જનાત્મકતાને યોગ્યતમ રીતે ઓળખી અને તેને ખીલવવામાં મદદરૂપ થવું જોઈએ અને આ શક્તિને વિકસાવવા માટે તેને પૂરતું પ્રોત્સાહન, તક અને તાલીમ મળતા રહે તે ખૂબ જ જરૂરી છે. બાળકનાં ઉછેર કે કેળવણી ખામી ભરેલાં હોય તો તેની સર્જનશક્તિ મૂરઝાઈ જાય છે. મંદ પડી જાય છે, તેથી આ બાબતે ખાસ ધ્યાન આપવું જરૂરી બની જાય છે. કેળવણી પામેલું બાલરત્ન કદી પોતાનું તેજ ખોતું નથી.

91. 'ઉન્નત'નો વિરુદ્ધાર્થી શોધો.

(1) પ્રોન્નત

(2) સનત

(3) અવનત

(4) મન્નત

92. 'બાલરત્ન કદી પોતાનું તેજ......' માં કયો અલંકાર પ્રયુક્ત થયેલો જોઈ શકાય છે ?

(1) અપહ્નુતિ

(2) ઉત્પ્રેક્ષા

(3) ઉપમા

(4) રૂપક

93. રચનાત્મકતા જેમાં ઉપયોગી થઈ શકે છે.

(1) જિંદગીને ઘડવામાં

(2) ચરિત્ર ચિત્રણમાં

(3) રાષ્ટ્ર નિર્માણમાં

(4) બાલકેળવણીમાં

94. મનુષ્યની જિંદગીનો હેતુ શો હોઈ શકે છે ?

(1) શિક્ષણ

(2) ચરિત્ર નિર્માણ

(3) જીવનઘડતર

(4) પ્રામાણિકતા

95. 'બુદ્ધિ આગળ બળ પાણી ભરે' એ શું છે ?

(1) વિધાનવાક્ય

(2) તૃતીયા અધિકરણ

(3) કહેવત

(4) અનન્વય

96. 'ગણેશ મંડાવા' એ કેવો વાક્યપ્રયોગ છે ?

(1) રૂઢિપ્રયોગ

(2) કહેવત

(3) અપાદાન

(4) સપ્તમી

97. રચનાત્મક ક્ષમતાઓ ક્યારે મંદપ્રાણ બને છે ?

(1) ક્ષતિયુક્ત કેળવણીથી

(2) શિથિલ ચરિત્રથી

(3) અભ્યાસ અધૂરો છોડવાથી

(4) નાપાસ થવાથી

98. 'પાયાનું' નો પર્યાયવાચી શોધો.

(1) પ્રારંભનું

(2) બુનિયાદી

(3) જાયાનું

(4) અંતતઃ

99. 'સંકળાયેલા જ રહેવા જોઈએ'માં વ્યાકરણગત વિશેષતા શું છે તે શોધો.

(1) આજ્ઞાર્થવાક્ય

(2) નિપાત

(3) વિભક્તિ

(4) અન્વય

**નીચેનું કાવ્ય વાંચી એમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબો યોગ્ય વિકલ્પ શોધીને લખો : (100 થી 105)**

જીવતું મૃત્યુ છે જીવન આ તેહનું, જેહને જીવન આ વ્યર્થ લાગે,
પળપળે લાખ શંકા ઉઠાવી ઉરે, જીવનનો સર્વ આનંદ ભાગે;
જીવનનો મહામૂલો જોગ ચાલી જતો, મેઘ વરસી જતો વ્યોમમાંથી;
જે દીવાલો કરે આસપાસે ઊભી, ને સૂએ માંહી અંધાર ઓઢી,
તે ન કે દિવસનાં તેજ પામી શકે, ખોય ત્યાં સર્વ આનંદ પોઢી;
ફૂલ નહિ જોય નિજ રંગસૌરભ કશું, તદપિ કાંટા જ જાણે નીરખે શરીરે,
તો પછી વ્યર્થ છે જીવન એ ફૂલનું, જીવતું મૃત્યુ એ જીવન ચીરે !

**100.** **‘કાંટા જ જાણે નીરખે શરીરે’ આ પંક્તિમાં કવિએ કયા અલંકારના વિનિયોગ દ્વારા અભિવ્યક્તિ સાધી છે ?**

(1) અનન્વય
(2) ઉત્પ્રેક્ષા
(3) ઉપમા
(4) રૂપક

**101.** **‘સૌરભ’ શબ્દનો પર્યાયવાચી શબ્દ નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો :**

(1) કૌરભ
(2) દુર્ગંધ
(3) પમરાટ
(4) અચરજ

**102.** **‘વ્યર્થ’ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ તમારા અભ્યાસ મુજબ નીચેનામાંથી કયો હોઈ શકે ?**

(1) અર્થ
(2) સ્વાર્થ
(3) અનર્થ
(4) સાર્થક

**103.** **‘નિજ રંગસૌરભ કશું, તદપિ કાંટા જ ......’ પંક્તિમાં કઈ વ્યાકરણગત પ્રયુક્તિનો વિનિયોગ થયો છે ?**

(1) વિશેષણ
(2) નિપાત
(3) અલંકાર
(4) અન્યોક્તિ

**104.** **તમામ પ્રકારના આનંદ ગુમાવીને નિદ્રાધીન થનાર શું ખોઈ બેસે છે ?**

(1) દિવસનો ઉજાસ
(2) જીવનની મોજ
(3) સરળ જીવન
(4) મૃત્યુ

**105.** **‘તદપિ’ શબ્દપ્રયોગનો અર્થ તમારી દૃષ્ટિએ નીચેનામાંથી કયો છે ?**

(1) કદાપિ
(2) ઉલુપિ
(3) તેમ છતાં
(4) ફ્લોપી

**સૂચના :** નીચેના પ્રશ્નોના ઉત્તર સર્વાધિક યોગ્ય વિકલ્પની પસંદગી કરીને આપો.

**106.** દરેક ભાષાને એનું વ્યાકરણ હોય છે અને એ _____ હોય છે.

(1) નિયમબદ્ધ

(2) રાજ્ય સંચાલિત

(3) કેન્દ્ર સંચાલિત

(4) લિપિ સંચાલિત

**107.** ત્રિભાષા ફોર્મ્યુલા મુજબ ત્રીજી ભાષા કઈ છે ?

(1) દેશમાં દરેક જગ્યાએ સમાન છે.

(2) ફક્ત સંસ્કૃત.

(3) હિંદી ભાષી રાજ્યો અને બિન હિંદી ભાષી રાજ્યો માટે અલગ અલગ.

(4) ફક્ત કોઈપણ વિદેશી ભાષા.

**108.** એક શિક્ષિકા વર્ગમાં 'બેટી બચાઓ, બેટી પઢાઓ' નું પોસ્ટર દીવાલ પર લગાડે છે. શિક્ષિકા વિદ્યાર્થીઓને પોસ્ટરનું ઝીણવટથી નિરીક્ષણ કરવાની અને ત્યારબાદ પોસ્ટર વિશે નાનો ફકરો લખવાની સૂચના આપે છે. શિક્ષિકા દ્વારા આ રીતે કરાયેલા પોસ્ટરના ઉપયોગને કયા પ્રકારની સામગ્રી ગણાશે ?

(1) અધિકૃત સામગ્રી

(2) સંગઠિત સામગ્રી

(3) માન્ય સામગ્રી

(4) બિનઉપયોગી (વેસ્ટ) સામગ્રી

**109.** પ્રવાહિતા એટલે ......

(1) ક્ષતિરહિત લેખન

(2) વ્યાકરણના નિયમોનું સ્પષ્ટતા સાથે પાલન કરવું તે

(3) વાક્યોનું સ્પષ્ટ ઉચ્ચારણ

(4) આનંદમય રીતે વાચન, લેખન અને શ્રવણ દ્વારા પોતાની જાતને અભિવ્યક્ત કરવી.

**110.** વાચનનો નિમ્નોર્ધ્વગામી અભિગમ (બોટમ્સ અપ અપ્રોચ) શેના પર ભાર મૂકે છે ?

a. ધ્વનિ

b. શબ્દાંશ

c. વાક્ય

d. શબ્દ

e. વર્ણ

(1) a, d, e, b, c

(2) a, b, c, d, e

(3) a, e, b, d, c

(4) b, c, a, e, d

111. ભાષા અર્જનની 'સામાજિક આદાનપ્રદાન' થિઅરી ઉપર આધારિત હોય એવું વાક્ય નીચેનામાંથી શોધો :

(1) ભાષાના વિદ્યાર્થીઓને સહેજ ઉંચા સ્તરની ભાષાનો પરિચય બુદ્ધિગ્રાહ્ય ઈનપુટ સાથે આપવો જોઈએ.

(2) પાઠ્યક્રમની બહાર જઈને ભાષા શિક્ષણ પર ધ્યાન આપવામાં આવે તો ભાષા શીખી શકાય છે.

(3) અનુકરણ અને સુદૃઢીકરણની તક મળે તો ભાષા શીખી શકાય છે.

(4) ભાષા વિદ્યાર્થીઓને અન્યો સાથે અર્થની ચર્ચા કરવાનો અવકાશ મળવો જોઈએ.

112. એક પેટાકૌશલ તરીકે અનુમાન શેની સાથે જોડાયેલું છે ?

(1) ડ્રાફ્ટિંગ

(2) ઉપસંહાર

(3) નોંધ

(4) વાચન

113. જ્યારે વિદ્યાર્થીઓ રોજગારની સારી તકો માટે ભાષા શીખતા હોય ત્યારે ભાષા શિક્ષણ લેવા માટેની એમની આ પ્રેરણાને શું કહેવાય ?

(1) આવશ્યક

(2) અનાવશ્યક

(3) નોકરીકેન્દ્રી

(4) અહ્મકેન્દ્રી

114. એક પ્રભાવક ભાષાવર્ગનું સૌથી મહત્ત્વનું લક્ષણ એ છે કે એમાં વિદ્યાર્થીઓને _____ માટેની તક આપવામાં આવે.

(1) મૂલ્યાંકન

(2) અનુકરણ

(3) સંવાદ

(4) ક્ષતિઓ ઓછી કરવાની

115. એક સમાવેશી વર્ગખંડમાં ભાષા શીખવવા માટે શિક્ષકે શું કરવું જોઈએ ?

(1) પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને નબળા વિદ્યાર્થીઓનું ધ્યાન રાખવાનું સૂચવવું.

(2) વિવિધ શિક્ષણશૈલીઓના ઉપયોગ દ્વારા એમની શીખવાની પ્રક્રિયામાં સહાય કરવી.

(3) પ્રિન્સિપાલને એમના માટે સ્પેશિઅલ એજ્યુકેટર કે વિશેષ શિક્ષકની વ્યવસ્થા કરવાની ભલામણ કરવી.

(4) એ વિદ્યાર્થીઓ એમના શાળાના 6 કલાકનો સમય શાંતિપૂર્ણ રીતે વીતાવે એની વ્યવસ્થા કરવી.

**116. ભાષાસક્ષમતા માટે નીચેનામાંથી કયુ તત્ત્વ વધારે મહત્ત્વનું છે ?**

(1) શુદ્ધ ઉચ્ચારો સાથેનું વાચન

(2) પાઠ્યપુસ્તકના પાઠના અંતે આપેલી એક્સરસાઈઝ કરવી.

(3) શુદ્ધતા અને પ્રવાહિતા વિકસાવવી.

(4) સસ્તા અથવા નિઃશુલ્ક શૈક્ષણિક ઉપકરણો કે સાધનોનો ઉપયોગ કરવો.

**117. એક સફળ ભાષાશિક્ષક નીચેનામાંથી શું કરશે ?**

(1) શિક્ષકનો બોલવાનો સમય વધારશે.

(2) વિદ્યાર્થીઓનો બોલવાનો સમય વધારશે.

(3) વિદ્યાર્થીઓનો બોલવાનો સમય ઘટાડશે.

(4) જૂથ અને જોડીકાર્યનો સમય ઘટાડશે.

**118. અક્ષરસમૃદ્ધ વાતાવરણ (પ્રિન્ટ રિચ એન્વાયર્નમેન્ટ) એ _____ અને _____ નો અતૂટ હિસ્સો છે.**

(1) શાળા, વર્ગખંડ

(2) વાચન, સ્વનો

(3) સાક્ષરતા, ભાષા

(4) સ્વનો, નિર્દિષ્ટ

**119. એક સંસાધન તરીકે બહુભાષાવાદ એટલે શું ?**

(1) ઘણીબધી ભાષાઓ શીખવી તે

(2) બાળકની ભાષાના પ્રત્યેક શબ્દનો સમાનાર્થી અથવા પર્યાયવાચી શબ્દ આપવો

(3) પાઠ્યક્રમના સમાંતરે ભાષાનું શિક્ષણ આપવું તે

(4) બાળકની માતૃભાષાનો જ એક પદ્ધતિ તરીકે ઉપયોગ

**120. તમારા વર્ગમાં અંકિત નામનો એક દૃષ્ટિબાધિત વિદ્યાર્થી છે. ભાષાશિક્ષક તરીકે તમે શું કરશો ?**

(1) પ્રેકટિસ માટે વિવિધ પ્રકારની વર્કશીટ્સ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરશો.

(2) દૃશ્યાત્મક પ્રસ્તુતિના વૈવિધ્યનો ઉપયોગ કરશો.

(3) વિવિધ મુદ્રા અને દેહભાષાનો ઉપયોગ કરશો.

(4) આરોહ અવરોહ અને વિરામનો અને 'સ્પર્શીને અનુભવી શકાય' એવી સામગ્રીનો ઉપયોગ કરશો.

**ભાગ-V (પ્ર. 121 થી 150)** ફક્ત **ગુજરાતી** ભાષા-**II**નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted Gujarati as **Language-II** only.

## ભાગ – V
## ભાષા – II
## ગુજરાતી

**સૂચના :** ભાગ – V (પ્ર. **121 થી 150**) ફક્ત ગુજરાતી ભાષા – **II**નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચે આપેલ ફકરો વાંચી એમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો : (121 થી 128)**

આપણો ખોરાક એ આપણા શરીર માટે ઊર્જાનો સ્રોત છે. ખોરાકમાં રહેલાં પોષકતત્ત્વો આપણને શક્તિ પૂરી પાડે છે, જેથી આપણા શરીરનાં વિવિધ અંગો સરખી રીતે કામ કરી શકે. ખોરાકના પાચનની ક્રિયા આપણે ખોરાકને આરોગીએ એના કરતાં પણ પહેલાં શરૂ થઈ જાય છે. ખોરાકની સુંગધ માત્રથી મોંમાં લાળરસ ઉત્પન્ન થાય છે અને એ સાથે જ પાચનની ક્રિયાનો આરંભ થઈ જાય છે. આપણે જે ખોરાક ખાઈએ છીએ એને વિભાજિત કરીને એમાં રહેલાં પોષકતત્ત્વો કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, વિટામિન, મિનરલ્સ વગેરે શોષીને એમનું શક્તિમાં રૂપાંતર કરવાનું કામ આપણું પાચનતંત્ર કરે છે; તથા વધેલાં નકામાં ઉત્સર્ગદ્રવ્યોનો નિકાલ પણ કરે છે.

પાચનતંત્ર એક એવા મશીન જેવું છે, જેનું જો કાળજીપૂર્વક જતન કરવામાં આવે તો એ જીવનપર્યંત નિર્વિઘ્ન કાર્યરત રહી શકે છે. પાચનતંત્રને સહુથી મોટું નુકસાન અનુશાસનહીન જીવનશૈલી અને આહારશૈલીથી થાય છે. પાચનતંત્ર અને સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે સંપૂર્ણ સંતુલિત આહારનું ઘણું મહત્વ છે. દૈનિક સંતુલિત આહારમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, ચરબી, વિટામિન, મિનરલ્સ અને ફાઈબરનું યોગ્ય પ્રમાણમાં હોવું બહુ જરૂરી છે.

રેસાયુક્ત (ફાઈબર) ખોરાક પચવામાં સરળ હોય છે; એને લીધે રોગ અડ્ડો જમાવતા અટકે છે. ખોરાક બરાબર ચાવીને ખાવાની ટેવ પાડો, કારણ કે મોંનો લાળરસ જેટલો ખોરાકમાં ભળે એટલો ખોરાક નરમ પડે છે; અને એથી પાચનતંત્રનાં અન્ય અંગો એ ખોરાકને ગ્રહણ કરવા માટે ઉત્તેજિત થાય છે. જ્યારે આપણે ખોરાકને ચાવીએ છીએ ત્યારે આપણું જઠર અને સ્વાદુપિંડ પાચકરસ ઉત્પન્ન કરે છે; જે પાચનક્રિયાને સરળ બનાવે છે; અને તેથી ખોરાકમાં વાયુનું પ્રમાણ વધી જતું અટકે છે. આપણું પાચનતંત્ર એ આપણા ચેતાતંત્રને આધીન છે. જીવનમાં અનેક કર્તવ્યો, લક્ષ્યો, સિદ્ધિઓ અને પ્રેમને ગ્રહણ કરવા માટે અને એવું નિર્વહન કરવા માટે શક્તિમાન બની રહે, એનો સંપૂર્ણ આધાર શરીર અને મનને મળતાં પોષણ ઉપર રહેલો છે. અન્ન એવો જ ઓડકાર એમ અમસ્તાં જ નથી કહ્યું.

121. 'અનુશાસન' શબ્દનો પર્યાયવાચી શબ્દ વિકલ્પમાંથી પસંદ કરો.

(1) સુશાસન

(2) પ્રશાસન

(3) દુ:શાસન

(4) શિસ્ત

122. 'રોગ અડ્ડો જમાવતા ......' માં કઈ વ્યાકરણગત અભિવ્યક્તિરીતિ પ્રયુક્ત થઈ છે ?

(1) ક્રિયાવિશેષણ

(2) ધ્વનિ વિસ્તાર

(3) રૂઢિપ્રયોગ

(4) મહાપ્રાણ વ્યંજન

123. માનવદેહમાં ચયાપચયની પ્રક્રિયા ક્યારથી આરંભાય છે ?

(1) ભોજન પૂર્વ

(2) રાતના સમયે

(3) ઉત્સર્ગોપરાંત

(4) વ્યાયામ પછી

124. 'સુગંધ'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ?

(1) પમરાટ

(2) ફોરમ

(3) ખુશબૂ

(4) બદબૂ

125. લેખકના અભિપ્રાય મુજબ કેવા પ્રકારનો આહાર સુપાચ્ય હોય છે ?

(1) પ્રોટિનયુક્ત

(2) રેસાસભર

(3) કાર્બનયુક્ત

(4) ઓર્ગેનિક

126. 'અન્ન એવો ઓડકાર'માં કઈ ભાષાગત વિલક્ષણતા તમે તારવી શકો છો ?

(1) વર્ણસગાઈ

(2) કહેવત

(3) ક્રિયાપદ

(4) અલ્પપ્રાણ

127. પૂર્ણ આરોગ્ય માટે કોના મહત્ત્વનો અહીં લેખકે ઉલ્લેખ કર્યો છે ?

(1) વિટામિન

(2) ચરબી

(3) સંતુલનસભર ભોજન

(4) મિનરલ્સ

128. લેખકના મતે દેહશક્તિનો આધાર શેના પર રહેલો છે ?

(1) ભોજન પર

(2) વ્યાયામ પર

(3) પોષણ પર

(4) દૂધ પર

**નીચેનો ફકરો વાંચી તેની નીચે આપેલાં પ્રશ્નોના જવાબ આપો : (129 થી 135)**

ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ વધી રહ્યું છે. કેરાલા જેવા કોઈ રાજ્યમાં તો આ આંક નેવું ટકાને આંબી ગયો હોય તેવું જાણવા મળે છે. શાળા કોલેજમાં ખૂબ મોટા પ્રમાણમાં શિક્ષણાર્થીઓ આવે છે શૈક્ષણિક સંસ્થામાં પુસ્તકાલય હોય તો પણ શું અને ન હોય તો પણ શું તેવું કેટલીક શાળાઓનું મંતવ્ય છે. મોટા ભાગના ગામ કે શહેરનો વિકાસ કૂદકે અને ભૂસકે થાય જ છે. 'સિમેન્ટનાં જંગલો' રાતોરાત ઊગી નીકળે છે. જો સોસાયટીમાં સારું પુસ્તકાલય હશે તો યુવાનો કદાચ પાનના ગલ્લે ઊભા રહેવાનું ટાળશે. આપણે શિક્ષણ પ્રાપ્ત કર્યું પરંતુ કેળવણી મેળવી નથી. યુવાનો એ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ઉત્તમ દેખાવ સાથે યુનિવર્સિટીની ડિગ્રી પ્રાપ્ત કરેલી હોય છે. પરંતુ અભ્યાસ દરમ્યાન ગ્રંથાલયનો કેટલો ઉપયોગ કર્યો છે તેમ જાણવા પ્રયત્ન કરો તો ઘોર નિરાશા સાંપડે. શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા જોઈએ તો રોજ ગ્રંથાલયો તેમનાથી ઊભરાઈ જતા હોવા જોઈએ. પરંતુ મહદ્અંશે પુસ્તકાલયના પુસ્તકો કોઈ તેનો ઉપયોગ કરે તેની ચાતક નજરે રાહ જોતા હોય છે. દેશના ભાવિનું જ્યાં નિર્માણ થવાનું છે તે જગ્યા છે વિચારોનું દોહન, ચયન અને ચર્ચા કરતું જાગ્રત ગ્રંથાલય.

ગ્રંથાલયમાં કેન્દ્રસ્થાને 'ગ્રંથપાલ' હોય છે. જેટલો ગ્રંથપાલ જાગૃત, સેવાભાવી, પોતાના કાર્યમાં રસ ધરાવતો અને સંવેદનશીલ હોય તેના પ્રમાણમાં ગ્રંથાલયનો વિકાસ થઈ શકે. ગ્રંથપાલ માત્ર સરકારી પગારદાર ન જ હોવો જોઈએ. જરૂર પડે આ પ્રવૃત્તિમાં રસ ધરાવતા નિવૃત્ત અને સારું સ્વાસ્થ્ય ધરાવતા વ્યક્તિઓનો સ્વૈચ્છિક સહકાર પ્રાપ્ત કરી શકાય. સમાજમાં કેટલીક વ્યક્તિઓ એવી છે કે તેમને વાચનનો ખૂબ શોખ હોય છે પરંતુ તેમના વ્યાવસાયિક સમય દરમિયાન પોતાના કામમાં ગળાડૂબ હોવાથી પોતાના શોખનો વિકાસ કરી શક્યા હોતા નથી. આવી વ્યક્તિઓને શોધી કાઢવાનું કાર્ય કઠિન હોઈ શકે પરંતુ અશક્ય નથી. સ્વૈચ્છિક પ્રવૃત્તિ હોવાથી ગમે ત્યારે જઈએ તો ચાલે તેવી વ્યક્તિને સંચાલન સોંપી શકાય નહીં. અત્યંત જવાબદાર અને બહોળો વાચનનો શોખ ધરાવનાર વ્યક્તિને પસંદ કરી આ જવાબદારી માટે આમંત્રણ આપી બોલાવી શકાય. સમાજમાં વાચનનો શોખ હોય તેવા નાગરિકો છે, માત્ર યોગ્ય વ્યક્તિની શોધ કરવાની છે.

**129. 'સ્વૈચ્છિક' શબ્દની વિરુદ્ધાર્થી અર્થછટા ધરાવતો શબ્દ વિકલ્પોમાંથી પસંદ કરો.**

(1) યાદચ્છિક

(2) ચૈતસિક

(3) માનસિક

(4) અનિવાર્ય

**130. 'કૂદકે ને ભૂસકે થાય જ છે' માં પ્રયુક્ત વ્યાકરણ વિલક્ષણતા તારવો.**

(1) દ્વિગુ સમાસ

(2) દ્વિરુક્તિ પ્રયોગ

(3) રૂઢિપ્રયોગ

(4) નિપાત

**131. યુવાધનને અવળે માર્ગે જતા કોણ રોકી શકે ?**

(1) ગુરુ

(2) યુનિવર્સિટી

(3) સાક્ષરતા

(4) સારું ગ્રંથાલય

**132. ગ્રંથાલયમાં શું થઈ શકવાની સંભાવના છે ?**

(1) ચર્ચાસભા

(2) રાષ્ટ્રનું ભવિષ્ય નિર્માણ

(3) જાગૃતિ

(4) ક્રાંતિ

**133. કઠિન શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

(1) આસાન

(2) સહેલું

(3) પૂર્ણ

(4) દુષ્કર

**134. કેવી વ્યક્તિને ગ્રંથાલયનું દાયિત્વ સોંપી શકાય ?**

(1) વાચનપ્રેમી અને જવાબદાર

(2) સરકારી પગારદાર

(3) સમાજસેવક

(4) નિવૃત્ત અધિકારી

**135. 'પુસ્તકો કોઈ તેનો ઉપયોગ કરે ......' માં લેખકે કયા અલંકારનો વિનિયોગ કર્યો છે ?**

(1) દીપક

(2) રૂપક

(3) યમક

(4) સજીવારોપણ

**સૂચના :** નીચેના પ્રશ્નોના ઉત્તર **સર્વાધિક યોગ્ય** વિકલ્પની પસંદગી કરીને આપો.

**136. એક પાઠ ભણાવવાનું પૂર્ણ કર્યા પછી શિક્ષિકાએ વિદ્યાર્થીઓને તે પાઠમાં આવતા નામ / સંજ્ઞાઓને એક નિયત ચોકઠામાં લખવા જણાવ્યું. (સર્વનામ, વ્યક્તિનામ અને ગુણવાચક) આ પ્રવૃત્તિ શેનું ઉદાહરણ છે ?**

(1) વ્યાકરણના નિયમો સ્મૃતિબદ્ધ કરવાની

(2) વ્યાકરણ શિક્ષણ

(3) વ્યાકરણ ટ્રાન્સલેશન પદ્ધતિ

(4) પૂર્વાપર સંદર્ભ સાથેનું વ્યાકરણ શિક્ષણ

**137. નીચેનામાંથી કઈ અભાનપણે થતી પ્રક્રિયા છે અને બાળકો એનો ઉપયોગ પ્રત્યાયન માટે કરે છે ?**

(1) ભાષા શિખવાની પ્રક્રિયા

(2) ભાષા આહરણ

(3) બીજી ભાષા

(4) ભાષાકીય ક્ષમતા

**138. એક શિક્ષક તરીકે તમે વિદ્યાર્થીઓનો વાચનરસ કેવી રીતે વિકસાવશો ?**

(1) તેમને ફક્ત પાઠ્યપુસ્તક જ વાંચવાની સૂચના આપવી.

(2) પાઠના ઉપસંહારને યાદ રાખવાની.

(3) બાળકોને રસ પડે એવું અને એમની વયને અનુરૂપ હોય એવું બાલસાહિત્ય વાંચવાની પ્રેરણા આપીને.

(4) પાઠને બાળકોની માતૃભાષામાં અનુવાદિત કરીને ભણાવવા અને પછી એમને એ પાઠના સવાલોના જવાબો આપવા કહેવું.

**139. વિદ્યાર્થીઓના ભાષા શિક્ષણનું આકલન કરવા માટે નીચેનામાંથી કયુ મદદરૂપ થઈ શકે ?**

(1) વિદ્યાર્થીઓને એમણે યાદ કરેલી કવિતા ભાવમુદ્રાઓ સાથે રજૂ કરવાનું કહેવું.

(2) પાઠનું વિદ્યાર્થીઓની માતૃભાષામાં ભાષાંતર કરવું.

(3) વિદ્યાર્થીઓને એમની કલ્પનાઓ અને વિચારોને મુક્ત રીતે વ્યક્ત કરવાનું કહેવું.

(4) વિદ્યાર્થીઓને કવિતામાંથી કાવ્યગત વિશેષતા શોધી કાઢવાનું કહેવું.

**140. પરિસ્થિતિ અને વિષયના આધારે વિદ્યાર્થીઓ એક પરિચ્છેદ સાંભળીને એના વાક્યોના અર્થો, શબ્દો અને એનો સાર સમજી શકે છે. આ રીતે સાંભળીને અર્થપ્રાપ્તિ કરવાની પ્રક્રિયાને શું કહે છે ?**

(1) નિમ્નોર્ધ્વગામી પેટાકૌશલ

(2) ઉર્ધ્વનિમ્ન પેટાકૌશલ

(3) સમગ્ર ભાષા અભિગમ

(4) સંગઠિત અભિગમ

**141. વિદ્યાર્થીઓના ભાષા વિકાસને પ્રોત્સાહિત કરવા માટે જો પ્રતિપોષણ આપવું હોય તો નીચેનામાંથી કઈ પદ્ધતિ સૌથી વધુ અસરકારક બની શકે ?**

(1) શિક્ષકે વિદ્યાર્થીની ભૂલો તરત જ પકડી પાડવી જોઈએ.

(2) જે વિદ્યાર્થીઓને ભાષાપ્રયોગમાં સૌથી વધુ તકલીફ પડતી હોય એવા વિદ્યાર્થીઓને જ પ્રતિપોષણ આપવું જોઈએ.

(3) બાળકોની ભાષા પર એમની માતૃભાષાના પ્રભાવને અવગણીને શિક્ષકે એમની ભૂલોનું વિશ્લેષણ કરવું જોઈએ એ ભૂલોને સુધારવાની પદ્ધતિ ઘડી કાઢવી જોઈએ.

(4) વિદ્યાર્થીઓ પોતાની ભૂલો કાઢવામાં આવી છે એ વાતને વર્ગખંડમાં પસંદ નહીં કરે એ ધ્યાનમાં રાખીને શિક્ષકે બાળકોની ભૂલોને અવગણવી જોઈએ.

**142. પાઠ્યપુસ્તકની બહાર જઈને કામ કરવું કે ભણાવવું એટલે ……**

(1) પાઠ્યપુસ્તકના સ્તરથી સહેજ ઉપર જઈને ભણાવવું.

(2) પાઠ્યપુસ્તક સિવાયના વધારાના સંસાધનો ઉપલબ્ધ કરાવવા.

(3) પાઠ્યપુસ્તકને પૂર્ણપણે ભણાવવું જરૂરી નથી.

(4) પાઠ્યપુસ્તકનું સ્તર વિદ્યાર્થીઓના સ્તરથી બહુ ઊંચુ છે.

**143. ભાષાનું એક પ્રકરણ ભણાવતી વખતે શિક્ષક વિજ્ઞાન અને સમાજવિજ્ઞાનના પ્રકરણોનો પણ ઉપયોગ કરે છે અને વિદ્યાર્થીઓને કહે છે કે આ પ્રકરણો પણ ભાષા સાથે જોડાયેલા છે. આ અભિગમને શું કહેવાય છે ?**

(1) આંતરવિદ્યાકીય

(2) પાઠ્યક્રમબાહ્ય ભાષા

(3) એકાધિક ભાષા શિક્ષણ

(4) વિષય – ભાષા શિક્ષણ

**144. વિદ્યાર્થીઓની કઈ ક્ષમતાને વિકસાવવાથી એમનું વક્તવ્યકૌશલ્ય વધી શકે ?**

(1) પડકારરૂપ અને સંકુલ / અઘરા પાઠના વાચનથી

(2) શિક્ષક દ્વારા ઉપલબ્ધ કરાવાયેલા નમૂનારૂપ / આદર્શ ઉચ્ચારણોને સાંભળવાથી

(3) વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં સંવાદ / પ્રત્યાયન કરવાથી

(4) બોલતી વખતે બધી ભૂલો નિવારવાથી

145. વ્યાકરણ શીખવાથી વિદ્યાર્થીઓને શેમાં ફાયદો થાય છે ?

(1) સાક્ષરતામાં

(2) શુદ્ધતા

(3) પ્રવાહિતા

(4) શબ્દભંડોળ

146. એક ભાષા શિક્ષક વિદ્યાર્થીઓને તેમના એક વરસાદી દિવસનો અનુભવ તેમની બાજુમાં બેઠેલા પાર્ટનર સાથે વહેંચવાની સૂચના આપે છે. આ પ્રવૃત્તિનું શું પરિણામ આવશે ?

(1) જ્યારે વિદ્યાર્થીઓ વાત કરતા હશે ત્યારે વર્ગમાં ઘોંઘાટ સર્જાશે.

(2) તેમની મૌખિક અભિવ્યક્તિની ક્ષમતા વધશે.

(3) આનાથી વર્ગમાં શિસ્ત જળવાશે.

(4) પાઠ્યપુસ્તક ભણવાનો કંટાળો દૂર થશે.

147. લેખનના 'પ્રક્રિયા અભિગમ' (પ્રોસેસ અપ્રોચ)માં શેનો સમાવેશ થાય છે ?

a. સંકલન (એડિટિંગ)

b. બુદ્ધિમંથન (બ્રેઈનસ્ટોર્મીંગ)

c. પુનરાવર્તન (રિવાઈઝિંગ)

d. ડ્રાફ્ટિંગ

(1) a b c d

(2) b c a d

(3) a d c b

(4) b d c a

148. એક ભાષાશિક્ષિકા વિદ્યાર્થીઓને એમના પોર્ટફોલિઓમાંથી એમની પસંદની પાંચ વસ્તુઓ રાખીને બાકીની વસ્તુઓ હટાવી દેવાની સૂચના આપે છે. ત્યારપછી શિક્ષિકા વિદ્યાર્થીઓને પૂછે છે કે તેમણે આ પાંચ ચીજો કેમ પસંદ કરી એનો જવાબ આપો. આ જવાબ કેવા પ્રકારનું આકલન કહેવાશે ?

(1) પારસ્પારિક આકલન

(2) સ્વ આકલન

(3) શિક્ષકનું આકલન

(4) વિવરણાત્મક આકલન

149. પ્રાથમિક સ્તરે ભાષા શીખવા માટે નીચેનામાંથી કયુ સંસાધન મહત્ત્વપૂર્ણ છે ?

(1) બાલ સાહિત્ય

(2) અખબાર

(3) કમ્પ્યૂટર

(4) રિઅલિઆ (વાસ્તવિક સામગ્રી)

150. વિદ્યાર્થીઓમાં વક્તવ્ય કૌશલ વિકસાવવા માટે નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ સૌથી ઓછી મહત્ત્વપૂર્ણ છે ?

(1) કોઈ એક ચીજનું વર્ણન

(2) એમના જ શબ્દોમાં વાર્તા કહેવી

(3) બાળકોને વાર્તા ઝીલવાનું કહેવું

(4) કોઈ એક ઘટનાનું વર્ણન

રફ કાર્ય માટે જગ્યા

રફ કાર્ય માટે જગ્યા

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-2 માં એક જ વૃત્તને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એક્વાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારેલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
10. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.
11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.
12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.**

**निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :**

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें ।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **काले/नीले बॉल पॉइन्ट पेन** से भरें । एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है ।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ । परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें ।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी ।
5. परीक्षा पुस्तिका / उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाज़िरी-पत्र में लिखें ।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी । इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए ।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है ।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्वीच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए । इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और उनके विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित ।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें ।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं हाज़िरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे । यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाज़िरी-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा । **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान हाज़िरी-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ ।**
12. इलेक्ट्रॉनिक / हस्तचालित परिकलक का उपयोग वर्जित है ।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं । अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा ।
14. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें ।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल / कक्ष छोड़ने से पूर्व उत्तर पत्र कक्ष-निरीक्षक को अवश्य सौंप दें । परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं ।**

**READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY:**

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Black/Blue Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet / Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/ room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/ rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against them including cancellation of examination.
9. Each candidate must show on demand his / her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his / her seat.
11. The candidates should not leave the Examination Hall/ Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic / Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***